# સાંકેતિક અક્ષરોની સમજ

[પ્રથમાવૃત્તિના ભાગ ૧ અને ૨માં કેટલાક સાંકેતિક અક્ષરોની સમજ આપવામાં આવી હતી. પરંતુ એમાં સમજ આપવામાં ન આવી હોય એવા સાંકેતિક અક્ષરો વપરાયેલા જોવા મળ્યા છે. અહીં એ સાંકેતિક અક્ષરોની સમજ મળી શકી તેટલી ને તેવી આપવામાં આવી છે. એમાં શ્રી દેશાઈના પ્રથમ આવૃત્તિનાં નિવેદનો, 'જૈનો સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' (દેશાઈ) અને 'યુગપ્રધાન જિનચંદ્રસૂરિ' (નાહટા)ની તથા કેટલીક વ્યક્તિગત મદદ પણ મળી છે. આ સાંકેતિક અક્ષરોની સૂચિ બતાવશે કે એના વપરાશમાં એકસૂત્રતા રહી નથી. એક જ નામના એકથી વધુ સાંકેતિક અક્ષરો યોજાઈ ગયા છે તે ઉપરાંત આખા નામનો પણ ઉપયોગ થયો છે. અહીં કેટલાક સાંકેતિક અક્ષરોનો મેળ વપરાયેલા આખા નામની મદદથી બેસાડયો છે.

અહીં આધારસામગ્રીના અને અન્ય એમ બે પ્રકારના સાંકેતિક અક્ષરોને જુદા પાડયા છે. સાંકેતિક અક્ષરો જેમને માટે ન યોજાયા હોય એવી આધારસામગ્રીનો પણ, પૂરી સૂચિ કરવાના હેતુથી, નામનિર્દેશ કર્યો છે.

[ ] આ પ્રકારના કૌંસમાં મૂકેલી સઘળી સામગ્રી આ બીજી આવૃત્તિના સંપાદક તરફથી મૂકવામાં આવી છે. * એવી ફૂદડી સાથે મૂકેલા સાંકેતિક અક્ષરો પૂર્તિની સામગ્રીના છે, 'જૈન ગૂર્જર કવિઓ'ની મૂળ સામગ્રીના નથી. ]

### ક. આધારસામગ્રી અને તેના સાંકેતિક અક્ષરો

| | |
|---|---|
| — | અગરચંદ ભેરુદાન બાંઠિયા લાયબ્રેરી, બિકાનેર |
| અનંત ભં. | અનંતનાથજીનું જૈન મંદિર, માંડવી, મુંબઈનો ભંડાર |
| * અનુપ. | અનુપ સંસ્કૃત લાયબ્રેરી |
| અબીર. | [બિકાનેર બૃહદ્ જ્ઞાનભંડાર અંતર્ગત અબીરચંદજી સંગ્રહ] |
| અભય. | * અભય જૈન ગ્રંથાલય સંગ્રહ, બિકાનેર [જુઓ નાહટા સં.] |
| અમર. ભં. | અમરવિજય મુનિ – સિનોર કે ડભોઈમાંનો ભંડાર |

| | |
|---|---|
| આ. ક. ભં. | શેઠ આણંદજી કલ્યાણજીની પાલીતાણાની પેઢીમાં સોંપાયેલો સ્વ. અંબાલાલ ચુનીલાલનો જ્ઞાનભંડાર |
| આગ્રા ભં. | [વિજયલક્ષ્મીસૂરિ જ્ઞાનભંડાર, બેલનગંજ, આગ્રા હોવાનું જણાય છે. જુઓ વિ. ધ. ભં.] |
| — | આત્માનંદ સભા, ભાવનગર [જુઓ ભક્તિવિજય ભં.] |
| [આલિસ્ટઑઇ | આલ્ફાબેટિકલ લિસ્ટ ઑવ્ મૅન્યૂસ્ક્રિપ્ટ્સ ઇન ધ ઑરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ બરોડા વૉ. ૨, સંપા. રાઘવન્ નમ્બિયાર, પ્રકા. ઑરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા, ૧૯૫૦. જુઓ સેં. લા.] |
| — | [* ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરી] |
| ઈડર ભં. | [ઈડર સંઘનો ભંડાર હોવાની શક્યતા] |
| — | ઈડર બાઈઓનો ભંડાર |
| — | ઈડર ગોરજી ભંડાર |
| ઉદયપુર ભં. | [શીતલનાથ મંદિર ભંડાર, ઉદયપુર હોવાની શક્યતા] |
| — | ઊનાવાળા મોરારજી વકીલનો ચોપડો |
| એપિ. ઇંડિ. | એપિગ્રાફિકા ઇંડિકા |
| ઐ. રા. સં. | ઐતિહાસિક રાસ સંગ્રહ, પ્રકા. યશોવિજય ગ્રંથમાલા, ભાવનગર |
| — | * ઑરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા [જુઓ સેં.લા.] |
| કચ્છી દ. ઓ. | કચ્છી દશા ઓસવાલ પાઠશાળા, માંડવી, મુંબઈનો ભંડાર |
| [કદહસૂચિ | કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તકસંગ્રહની સૂચિ, તૈયાર કરનાર હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ, પ્રકા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ૧૯૩૦] |
| કમલમુનિ | [વિશેષ પરિચય પ્રાપ્ત નથી] |
| ક. મુ. | [ઉપર્યુક્ત કમલમુનિ ?] |
| કલ.સં.કૉ.કૅટે. | [કલકત્તા સંસ્કૃત કૉલેજ કૅટેલૉગ] |
| ક. વિ. | કલ્યાણવિજય મુનિ |
| — | કવિ દલપતરામ સંગ્રહ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ [કદહસૂચિમાં સમાવિષ્ટ] |
| — | કાથવટે[ના હસ્તપ્રતોવિષયક] રિપોર્ટ |